# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

**નાયબ સેકશન અધિકારી / નાયબ મામલતદાર, વર્ગ–૩**

**(જાહેરાત ક્રમાંક: ૫૫/૨૦૧૮-૧૯) ની પ્રિલિમિનરી પરીક્ષા**

૧. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જા. ક્ર. ૫૫/૨૦૧૮-૧૯ નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ ની પ્રાથમિક કસોટી તા.૧૬/૧૨/૨૦૧૮ના રોજ યોજાનાર છે. આ જાહેરાત અન્વયે જેઓએ ઓનલાઇન અરજી કરેલ છે પરંતુ તેઓ એક કે બીજા કારણસર તેઓની અરજી કન્ફર્મ કરવાનું ચૂકી ગયેલ છે, તેવા ઉમેદવારો પોતાની અરજી કન્ફર્મ કરી શકે તે માટે આયોગની કચેરીમાં કામકાજના દિવસોએ તા.૨૩/૧૦/૨૦૧૮ થી તા.૦૧/૧૧/૨૦૧૮ દરમિયાન સવારે ૧૧:૦૦ કલાક થી સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ઓનલાઇન અરજી કર્યાની પ્રિન્ટ સાથે રૂ. ૧૦૦૦/- રોકડેથી ચૂકવીને પોતાની અરજી કન્ફર્મ કરાવી શકશે.

૨. ઉપરોક્ત જાહેરાત અન્વયે, જે ઉમેદવારોએ આ જાહેરાત સંબંધમાં ઓનલાઇન અરજી કરેલ નથી કે ફકત ONE TIME REGISTRATION (OTR) કરેલ હોય તેવા ઉમેદવારોએ અરજી કરવાની રહેતી નથી.

૩. જે ઉમેદવારોએ ઓનલાઈન અરજી પત્રકમાં ફોટો અને સહી અપલોડ કરેલ નથી તેવા ઉમેદવારોએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ તથા ફોટોવાળું ઓળખપત્ર તથા તેની ઝેરોક્ષ નકલ સાથે લઈને અરજી કન્ફર્મ કરવા આવવાનું રહેશે.

૪. ઉપરોકત જાહેરાત અન્વયે જે બિન-અનામત કક્ષાનાં ઉમેદવારોએ ઓનલાઈન અરજી કન્ફર્મ કરેલ છે અને સમયસર અરજી ફી ભરી શકેલ નથી તેઓએ આયોગની કચેરીમાં કામકાજના દિવસોએ તા.૨૩/૧૦/૨૦૧૮ થી તા. ૦૧/૧૧/૨૦૧૮ દરમિયાન સવારે ૧૧:૦૦ કલાક થી સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં પોતાની પ્રોસેસીંગ ફી પેટે રૂ. ૫૦૦/- રોકડેથી જમા કરાવવા આથી જણાવવામાં આવે છે, અન્યથા તેઓની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે અને પ્રવેશપત્ર ઓનલાઈન પ્રસિધ્ધ થયા બાદ પ્રોસેસીંગ ફી રૂ. ૫૦૦/-ભરી શકશે નહી.

૫. આયોગની અન્ય જાહેરાત અન્વયે પ્રાથમિક કસોટીના પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા શરૂ થઈ નથી તેવી જાહેરાતના ઉમેદવારો કે જેઓ નિયત સમયમર્યાદામાં અરજી કન્ફર્મ કરવાનું ચૂકી ગયેલ છે. તેવા ઉમેદવારો ઉપરોક્ત સમયગાળા દરમિયાન ઉપર જણાવેલ કાર્યવાહી કરીને પોતાની અરજી કન્ફર્મ કરાવી શકશે.

**તારીખ: ૨૨/૧૦/૨૦૧૮**